





## લક્ષ્ય

ભવનગર જિલ્લામાં મહિલાઓની સ્થાનિક સ્વરાજમાં સક્રિય ભાગીદારી અને નેતૃત્વ વધારવું અને સામાજિક ન્યાય અને સમાનતાના માધ્યમથી મહિલા અભિમુખ શાસન સ્થાપિત કરવું

## કાર્યક્રમો

- **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (8 માર્ચ):** મહિલાઓના નેતૃત્વ અને યોગદાનનો પંચાયત અને તાલુકા સ્તરે ઉત્સાહપૂર્વક ઉજવણી થાય છે.
- **માનવ અધિકાર દિવસ (10 ડિસેમ્બર):** હિંસા વિરોધ અભિયાનના નિષ્કર્ષો રજૂ કરીને હિતધારકો સાથે આગળની કામગીરી પર ચર્ચા થાય છે.

## ઉપલબ્ધિઓ

- 40% ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ અને સમિતિ સભ્યો (EWRs) MSM ની સક્રિય સભ્ય છે, જે મહિલાઓના પ્રશ્નો માટે મજબૂત સામૂહિક અવાજ ઉભો કરે છે. પ્રોક્સી પ્રતિનિધિત્વ ઘટ્યું છે.
- 27 ગામોમાં, મહિલાઓ નિયમિત બેઠક કરીને પીવાનું પાણી, સ્વચ્છતા, આવાસ, આરોગ્ય અન્ન સુરક્ષા અને મહિલા સુરક્ષા જેવા પ્રશ્નો ગ્રામસભામાં રજૂ કરે છે.
- પંચાયત અને ગ્રામસભામાં સમાન બેઠક વ્યવસ્થા અને મહિલા ઓ ની ભાગીદારી માં વધારો થયો છે.
- મહિલાઓનું નેતૃત્વ, નિર્ણયમાં ભાગીદારી અને શાસનમાં સક્રિયતા – સમાનતા અને ન્યાયથી ભરેલું સાચું મહિલા સ્વરાજ!
- COVID-19 અને ચક્રવાત દરમિયાન પંચાયત મહિલા સદસ્યોએ આફત પૂર્વતૈયારી અને બચાવ કામગીરીમાં સફળ ભૂમિકા ભજવી.
- લોક અધિકાર કેન્દ્ર દ્વારા દર વર્ષે આશરે 1,000 પરિવારોને રેશન, પેન્શન, આવાસ અને આરોગ્યના હકો મેળવવામાં મદદ મળી છે.
- 10 ગ્રામ મહિલા સુરક્ષા સમિતિઓ મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા અંગે સક્રિય છે, જ્યારે તાલુકા સ્તરે ન્યાય સમિતિ દ્વારા દર વર્ષે આશરે 70 મહિલાઓ ન્યાય મળે છે.
- મંચ ના નેતા **હીરાબેન સોલંકીને ગોંધિયા એવોર્ડથી** સન્માનિત કરવામાં આવ્યા હતા.

# મહિલા સ્વરાજ મંચ





msm.shihor@gmail.com
+91 94285 12770
Gopal Residence, Sai Baba Society, Town Hall's Back, Court Road, Shihor, Bhavnagar, Gujarat - 364240

## વિશે

મહિલા સ્વરાજ મંચ (MSM) ની સ્થાપના 31 માર્ચ 2009ના રોજ સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ કરવામાં આવી છે.

73 મા બંધારણીય સુધારા (1992) દ્વારા ગ્રામ પંચાયતોમાં 33% મહિલાઓને આરક્ષણ મળ્યું હોવા છતાં મહિલાઓને હજુ પણ ત્રિવિધ પડકારો — સામંતશાહી, પિતૃસત્તા અને જ્ઞાતિવાદ —નો સામનો કરવો પડતો રહ્યો. આ અવરોધો તોડવા સામૂહિક શક્તિનું નિર્માણ કરવા, આનંદી સંસ્થાની પ્રેરણા અને સહયોગથી 'મહિલા સ્વરાજ મંચ'ની રચના કરવામાં આવી.

1997 માં શિહોર તાલુકામાં આનંદી સંસ્થા દ્વારા મહિલાઓના નેતૃત્વ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ શરૂ કરવામાં આવ્યું. આ પ્રક્રિયામાં તૈયાર થયેલી પંચાયતી રાજ માં કુશળ અને સશક્ત મહિલાઓએ મંચનું નેતૃત્વ સંભાળ્યું અને આગળ વધાર્યું. આજે MSM શિહોર અને ઉમરાળા તાલુકાના **45 ગામોમાંથી 1,050થી વધુ મહિલા સભ્યો** (સરપંચ, પંચાયત સદસ્યો સમિતિના સભ્યો અને વંચિત સમૂહ ની મહિલાઓ) જોડાયેલ છે.

## મુખ્ય કાર્યક્રમો

### મહિલા અભિમુખ શાસન:

**1. સ્થાનિક શાસનમાં મહિલાઓની ભાગીદારી અને નેતૃત્વ**

- પંચાયતમાં મહિલા સદસ્યો અને સમિતિ સભ્યોનું નેતૃત્વ વિકસાવવું..
- મહિલાઓ પોતે નિર્ણયો લે તેવી સંસ્કૃતિ વિકસાવવી; પ્રોક્સી નેતૃત્વ દૂર કરવું.
- ગ્રામસભામાં મહિલાઓ અને વંચિત સમુદાયો માટે સક્રિય ભાગીદારી વધારવી.
- સ્થાનિક સમસ્યાઓના હલ કરવામાં તેઓની અવાજ અને ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવી.

**2. લોક અધિકાર કેન્દ્ર:**

- મહિલાઓ, એકલ મહિલાઓ અને વંચિત સમુદાયોને તેમના અધિકારો, હક અને સરકારી યોજનાઓ (જેમ કે રેશન, પેન્શન, રોજગાર વગેરે) અંગે જાગૃત બનાવવું અને તેમની પહોંચ સુનિશ્ચિત કરવી.
- તાલીમ લીધેલી મહિલાઓ દ્વારા ઉમરાળા અને શિહોર તાલુકા પંચાયત પરિસર અઠવાડિયામાં બે વાર (સોમવાર અને ગુરુવાર) કેન્દ્ર ચલાવવામાં આવે છે।



**3. મહિલાઓ વિરુદ્ધ હિંસા અને ભેદભાવનો વિરોધ**

- દર વર્ષે પંચાયતના સહયોગથી 25 નવેમ્બર (મહિલાઓ વિરુદ્ધ હિંસા વિરોધ દિવસ) થી 10 ડિસેમ્બર (માનવ અધિકાર દિવસ) સુધી એન્ટી-વાયોલન્સ જાગૃતિ અભિયાન યોજાય છે.
- તાલુકા સ્તરે સંઘર્ષ જીવી મહિલાના ન્યાય માટે કાર્યરત ન્યાય સમિતિ દ્વારા દર ગુરુવારે મહિલા હિંસાના કેસોની સુનાવણી કરવામાં આવે છે.પીડિત મહિલાઓને હિંસાના ચક્રમાંથી મુક્ત થવા માટે હુંફ સહારો અને માનસિક ટેકો આપવામાં આવે છે, જેથી તેઓ આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધી શકે.જરૂરી જણાય ત્યાં કાયદાકીય માર્ગદર્શન, મધ્યસ્થી સહાય, અને કાનૂની મદદ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ગ્રામ્ય સ્તરે મહિલા સુરક્ષા સમિતિ ઓને મજબૂત બનાવવી.

